સંકલિત બાળ વિકાસ યોજના અંતર્ગત નવી મંજુર થયેલ ૭ જિલ્લા કચેરી (અર્બન) તથા ૯૦ ગ્રામીણ અને શહેરી ઘટક કચેરીઓ માટે વર્ષ ૨૦૧૮-૧૯ માં ભાડાના વાહનો સુવિધા પુરી પાડવા વહીવટી મંજુરી

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ઠરાવ ક્ર: આઈસીડી-૧૧૨૦૧૨-૫૩૬-બ
સચિવાલય ગાંધીનગર
તા. ૨૦-૧૨-૨૦૧૮

વંચાણે લીધા:

(૧) મહિલા અને બાળ વિકાસ વિભાગનાં ઠરાવ ક્ર: આઇસીડી-૧૧૨૦૧૮-૮૭-બ તા.૨૧/૨/૨૦૧૮
(૨) મહિલા અને બાળ વિકાસ વિભાગનાં ઠરાવ ક્ર: આઇસીડી-૧૧૨૦૧૮-૨૬-બ તા.૧૧/૪/૨૦૧૮
(૩) મહિલા અને બાળ વિકાસ વિભાગનાં ઠરાવ ક્ર: આઇસીડી-૧૧૨૦૧૪-૩૦૬-બ તા.૨૧/૪/૨૦૧૮
(૪) કમિ.શ્રી. મ. અને બા.વિ. કચેરીના તા.૨૧/૪/૨૦૧૮ના પરિપત્ર
(૫) કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ કચેરીના તા.૨૨/૬/૨૦૧૮ ના પત્ર ક્ર:એન-૩./સ્ટોર/નવીન જિલ્લા/ઘટક કચેરી/વહીવટી મંજુરી/૧૮-૧૯/આઇસીડીએસ/૨૮૫૭૫/૧૮

આમુખ:

વંચાણે લીધેલ (૧) ના ઠરાવ થી આઇસીડીસ યોજનાના સહાયના જુદા જુદા કમ્પોનન્ટસ માટે સહાયનું ધોરણ નક્કી કરવામાં આવેલ છે. વંચાણે લીધેલ (૨) ના ઠરાવથી નવી સેવા વર્ષ ૨૦૧૮-૧૯ હેઠળ સંકલિત બાળ વિકાસ યોજના હેઠળ રાજ્ય, જિલ્લા અર્બન અને ઘટક સેલની જગ્યાઓ માટે બજેટ જોગવાઇ માટે વહીવટી મંજુરી આપવામાં આવેલ છે. વંચાણે લીધેલ (૩) ના ઠરાવથી કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ કચેરીના વિવિધ સંવર્ગની હંગામી જગ્યાઓને ભરેલી હોવાની શરતે તા.૨૮/૨/૨૦૧૯ સુધી ચાલુ રાખવાની મંજુરી આપવામાં આવેલ છે. વંચાણે લીધેલ (૪) ના કમિ.શ્રી, મ. અને બા.વિ. કચેરીના તા.૨૧/૪/૨૦૧૮ના પરિપત્ર દ્વારા રાજ્યની ૭ મહાનગરપાલિકામાં ૭ પ્રોગ્રામ ઓફીસર તથા ૯૦ ઘટક કચેરીઓમં સંકલિત બાળ વિકાસ અધિકારી ની કચેરીઓ શરૂ કરવાની મંજુરી આપવામાં આવેલ છે.

વંચાણે લીધેલ (૫) ના કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ કચેરીના પત્ર દ્વારા સંકલિત બાળ વિકાસ યોજના અંતર્ગત નવી મંજુર થયેલ ૭ જિલ્લા કચેરી (અર્બન) તથા ૯૦ ગ્રામીણ અને શહેરી ઘટક કચેરીઓ વર્ષ ૨૦૧૮-૧૯ માં ભાડાના વાહનો સુવિધા પુરી પાડવા વહીવટી મંજુરી માટે દરખાસ્ત કરવામાં આવેલ છે.

ઠરાવ:

સંકલિત બાળ વિકાસ યોજના અંતર્ગત નવી મંજુર થયેલ ૭ જિલ્લા કચેરી (અર્બન) તથા ૯૦ ગ્રામીણ અને શહેરી ઘટક કચેરીઓની સુવિધા જળવાઇ રહે તે માટે ભારત સરકારની ગાઇડલાઇન્સ મુજબ વર્ષ ૨૦૧૮-૧૯ માં કુલ ૯૭ ભાડાના વાહનો માટે પ્રતિ વાહન દીઠ વાર્ષિક રૂ.૨,૫૦,૦૦૦/- લેખે જનરલ સદરે રૂ. ૧,૯૮,૦૦,૦૦૦/- તથા ટ્રાયબલ સદરે રૂ. ૫૨,૫૦,૦૦૦/- એમ કુલ રૂ.૨,૫૦,૫૦,૦૦૦/- ની જોગવાઇ વર્ષ ૨૦૧૮-૧૯ ના સુધારેલ અંદાજમાં તથા ખૂટતી રકમ આગામી અંદાજપત્રમાં કરવાની શરતે મંજુરી આપવામાં આવે છે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૧૨/૧૨/૨૦૧૮ ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(રાહુલ છત્રપતિ)
નાયબ સચિવ
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ

૧. અધિક મુખ્ય સચિવશ્રી (નાણા), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૨. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ ની કચેરી, ગાંધીનગર
૩. નિયામકશ્રી,આઇ.સી.ડી.એસ.,કમિશ્નરશ્રી,મહિલા અને બાળ વિકાસ ની કચેરી, ગાંધીનગર
૪. નાણાં સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૫. એકાઉન્ટન્ટ જનરલ શ્રી, અમદાવાદ/રાજકોટ
૬. જીલ્લા વિકાસ અધિકારીશ્રી, તમામ
૭. મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, તમામ
૮. પ્રોગ્રામ ઓફીસરશ્રી, આઇ.સી.ડી.એસ. તમામ
૯. પ્રોગ્રામ ઓફીસરશ્રી, મહાનગરપાલિકા (અર્બન) . તમામ
૧૦. વિભાગીય નાયબ નિયામકશ્રી (આઇસીડીએસ) અમદાવાદ/વડોદરા/સુરત/રાજકોટ
૧૧. સીલેકટ ફાઇલ.